Gujarat Samachar Pg 8, 31st March 2022

# બિટકોઈનમાં ઘટાડો : ૬૧૫ મિલિયન ડોલરના ક્રિપ્ટો હેક થઈ ગયા

ગત સાત દિવસ સુધી સતત વૃદ્ધિ થયા બાદ રોકાણકારોએ બુધવારે નફો અંકે કરતાં ક્રીપ્ટોકરન્સીમાં સાધારણ ઘટાડો આવ્યો હતો. બિટકોઈન ૪૮,૦૦૦ ડોલરની ઉપર જઈ આવ્યા બાદ હાલ ૪૭,૦૦૦ની આસપાસ ચાલી રહ્યો છે. બ્લોકચેઈન પ્રોજેક્ટ રોનિનના સિસ્ટમમાંથી હેકર્સોએ ૬૧૫ મિલિયન ડોલરની ક્રિપ્ટોકરન્સી હેક કર્યાના નિર્દેશો મળ્યા. દરમિયાન, ક્રીપ્ટોવાયરે લોન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રીપ્ટો ઈન્ડેક્સ-આઈસી૧૫ બુધવારે બપોરે ચાર વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં ૦.૪૧ ટકા (૨૯૧ પોઈન્ટ) ઘટીને ૬૯,૪૫૨ પોઈન્ટ બંધ રહ્યો હતો. ઈન્ડેક્સ ૬૯,૭૪૪ ખૂલીને ૭૦,૬૭૭ સુધીની ઉપલી અને ૬૮,૭૯૩ પોઈન્ટની નીચલી સપાટીએ ગયો હતો.